# અરવલ્લીમાં રક્ષક જ ભક્ષક બની

## મેઘરજના પીએસઆઈએ અરવલ્લી પોલીસનું મોં કાળુ કર્યુ : ભીલોડાની યુવતીને લગ્નની લાલચ આપી અવાર-નવાર દુષ્કર્મ આચર્યુ : મહિલા સુરક્ષાની વાતો કરનાર ગુજરાતના મહિલા મુખ્યમંત્રીના રાજમાં જ મહિલાઓ અસુરક્ષીત

મોડાસા, તા ૧૮

કહેવાય છે કે પોલીસ એ પ્રજાની રક્ષક હોઈ છે ત્યારે આ રક્ષક જ ભક્ષક બની જાય ત્યારે જનતાનો હાલ જાયે તો જાયે કહા જેવો હોઈ છે. આવી જ એક ઘટના અરવલ્લી જીલ્લાની ભીલોડા તાલુકાની ૨૫ વર્ષીય યુવતી સાથે બની છે.છેલ્લા કેટલાય સમય થી સરકારના ઉચ્ચ અધીકારીઓ દ્વારા પોલીસ અને પ્રજા વચ્ચે મીત્રતા ના સંબંધો સ્થાપીત થાય અને સામાન્ય જનતા ના મનમાં પોલીસ પ્રત્યેના ખરાબ મનોવલણ દુર કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. અને બીજી બાજુ કેટલાક ખરાબ મનો વૃત્તી ધરાવતા પોલીસ કર્મીઓ આવા પ્રયત્નને સફળ બનાવવાના બદલે કંઈક જુદાજ વલણો દાખવી રહ્યા છે. ત્યારે ગુજરાત રાજય માં હાલ મુખ્ય મંત્રીના હોદ્દા ઉપર મહિલા મુખ્ય મંત્રી બિરાજમાન છે. અને ગુજરાતમાં મહિલાઓ સુરક્ષીતહોવાના પોકળ દાવાઓ કરી રહ્યા છે. ત્યારે અરવલ્લી જીલ્લામાં કાયદાનો રખેવાળ જ ભક્ષક બનતા સરકારની આબરુ નું ચીર હરણ થવા પામ્યુ છે.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જીલ્લાના મેઘરજ મુકામે પોલીસ સબ ઈન્સ્પેટર તરીકે ફરજ બજાવતા ડી.એમ.મોડીયા લોકોને કાયદાનો રોફ બતાવી પોતે કાયદાના પાલનના સાચા આગ્રહી હોવાનો ડોળ કરતા હતા. ત્યારે આજે તેમની આ નીષ્ઠાનો પરપટો ફુટી ગયેલ છે. ત્યારે ગત રાત્રીએ ભીલોડા પોલીસ સ્ટેશનમાં ૨૫ વર્ષીય યુવતીએ આ પી.એસ.આઈ સામે પોલીસ ફરીયાદ નોંધાવતા ખળભળાટ મચી ગયો છે.પોલીસ ફરીયાદમાં ૨૫ વર્ષીય યુવતી દ્વારા પીએસઆઈ મોડીયા સામે ગંભીર આરોપો મુકવામાં આવ્યા છે. કે આ પીએસઆઈ દ્વારા છેલ્લાય કેટલાય વર્ષો થી આ ભોળીભાળી માસુમ યુવતીને પોતાની પ્રમ જાળમાં ફસાવી અને લગ્નની લાલચ આપી અવારનવાર દુષ્કર્મ આચર્યુ હતુ. અને પોતાની હવષ સંતોષતા હતા. પરંતુ જ્યારે આ યુવતીએ લગ્નની વાત કરી ત્યારે આ નફફટ પીએસઆઈ એ હાથ ઉંચા કી દેતા આ યુવતી કયાંયનીય ના રહેતા છેલ્લે ૧૮૧ મહિલા હેલ્પ લાઈનમાં ફોન કરી પોલીસની સામે પોલીસની મદદ માંગી છે. ત્યારે ગત રાત્રીએ આ યુવતીએ ભીલોડા પોલીસ સ્ટેશને પીએસઆઈ વિરુધ્ધ ફરીયાદ નોંધાવીછે ત્યારે અરવલ્લી જીલ્લા પોલીસ આ પીએસઆઈ સામે પ્રામાણીક રીતે પગલા ભરે છે કે પછી પોલીસ વીશે લોકોમાં ચર્ચાની વાતો મુજબ પોલીસના જ બચાવ પક્ષમાં રહે છે તે આવનારો સમય જ બતાવ શે ?




હાલ તો અરવલ્લી જીલ્લામાં ખુદ જનતા જનતાનો રક્ષક એવો પોલીસ અધીકારી જ ભક્ષક બનતા અરવલ્લી જીલ્લાની મહિલાઓ પોની જાતને અસુરક્ષીત મહેસુસ કરી રહી છે. ત્યારે આ ઘટનાની ગંભીરતા જોતા અને મહિલા દ્વારા પોલીસ સામે જ આંગળી ચીંધાતા જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડાએ સમગ્ર કેસની તપાસ નાયબ જીલ્લા પોલીસ અધિકારી કિશોર બળોલીયા ને સોપવામાં આવી હતી. અને દુધ નું દુધ અને પાણીનું પાણી કરવાની તજવીજ હાથ ધરી હતી.

### જો પીએસઆઈ કસુરવાર ઠરશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે : ડીએસપી

અરવલ્લી જીલ્લાના મેઘરજ ના પીએસઆઈ પર ભીલોડાની ૨૫ વર્ષીય યુવતી દ્વારા લગ્નની લાલચ આપી પીએસઆઈ દ્વારા દુષ્કર્મ આચાર્યુ હોવાની ફરીયાદ નોંધાવી છે. ત્યારે આ ઘટના અંગે અરવલ્લી જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડાનો ટેલીફોનીક સંપર્ક સાધતા તેમને જણાવ્યુ હતુ કે પીએસઆઈ સામે ગુનોં દાખલ કરવામાં આવ્યો છે. અને આ ઘટનાની તપાસ નાયબ જીલ્લા પોલીસ વડા ને સોંપવામાં આવી છે.જો તપાસના અંતે પીએસઆઈ કસુરવાર ઠરશે તો કાયદામુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

# અંબાજીમાં ગૃહ રાજયમંત્રીના હસ્તે વિશ્વની સૌથી મોટી અગરબત્તી પ્રગટાવાઈ

પાલનપુર, તા. ૧૮

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મુકામે ગૃહ રાજયમંત્રીશ્રી રજનીકાંત પટેલના હસ્તે મંદિરના ચાચર ચોકમાં વિશ્વની સૌથી મોટી અગરબત્તી પ્રગટાવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ૬૧ ફૂટ લાંબી અને સાડા ત્રણ ફૂટનો વ્યાસ ધરાવતી આ અગરબત્તી તૈયાર કરવા ૩૦ વ્યક્તિઓએ ૧૦ દિવસ સુધી અથાક પ્રયાસો કર્યા છે.




આ પ્રસંગે ગૃહ રાજયમંત્રીશ્રી રજનીકાંત પટેલે ચાચર ચોકમાં ઉપસ્થિત હજારો માઈભક્તોને નવરાત્રી પર્વની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું કે, આદ્યશક્તિ મા અંબે શક્તિ સ્વરૂપ છે. માતાજીની પૂજા-અર્ચના અને ભક્તિ વડે માતાજીના આશિર્વાદથી શક્તિ અને સુખશાંતી મળે છે. તેમણે કહ્યું કે દરેક ભારતીય માતાજીની ઉપાસના કરે છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે વિકાસની દિશામાં ગુજરાત ઝડપી ગતીએ આગળ વધી રહ્યું છે. રાજ્ય અને રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બનાવા તેમણે અનુરોધ કર્યો હતો.



ગત ભાદરવી મહામેળા પ્રસંગે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા બનાવાયેલ ૧૧,૧૧૧ કિલોનો લાડુ વિશ્વનો સૌથી મોટો લાડુ હતો. જેની ગીનીશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધ લેવાઈ છે. આજે પ્રગટાવાયેલ વિશ્વની સૌથી મોટી અગરબત્તી રઘુબીરા કાર્બન્સ પ્રા.લિ. જામનગર દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેમાં ૫૫૦ કિલો ચારકોલ પાઉડર, ૧૬૫ કિલો જીગેટ પાઉડર, ૩૨૫ નંગ વાંસ તથા પાંચ પ્રકારના સુગંધી દ્રવ્યોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અગરબત્તીના દાતા મા અંબા સેવા કેમ્પ અમદાવાદ છે. આ પ્રસંગે ડાંગ-વલસાડના સાંસદશ્રી કે.સી. પટેલ, ભાજપા પ્રભારીશ્રી દુષ્યંતભાઈ, કલેક્ટરશ્રી દિલીપ રાણા, ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના ડિરેક્ટરશ્રી ગણપતભાઈ જોષી, શ્રી ભાસ્કરભાઈ ઠાકર, વહિવટદારશ્રી જી.પી. બ્રહ્મભટ્ટ, અંબાજી સરપંચશ્રી રાજકુમાર પટેલ, શ્રી બકુલેશભાઈ શુક્લ, નાયબ ઈજનેરશ્રી ગિરીશભાઈ પટેલ તથા વિશાળ સંખ્યામાં માઈભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# ભિલોડાના માંકરોડા ગામમાં તસકરોનો તરખાટ

ભિલોડા,તા.૧૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના માંકરોડા ગામમાં અજાણ્યા તસ્કરો રાત્રે ત્રાટક્યા હતા. અલ્ટો કાર ,ટી.વી.એસ. બાઈક, લીનોવા લેપટોપની ચોરી કુલ મુદ્દામાલની કિંમત રૂા.૧,૯૫, ૦૦૦/-ની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડામાં લોકમુખે ચર્ચાય છે કે, અવાર-નવાર ઠેર-ઠેર ચોરીઓના બનાવો દિન-પ્રતિ-દિન વધતાં જાણે કે તસ્કરોને પોલીસ તંત્રનો બિલકુલ ડર રહ્યો નથી ? ભિલોડા પોલીસ ધ્વારા નાઈટ પેટ્રોલીંગમાં વધારો કરવાની તાતી જરૂરીયાત છે તેમ લોકમુખે ચર્ચાય છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ પ્રદિપભાઈ મોડીયા, રહેવાસી શ્રી આશાપુરા સોસાયટી, માંકરોડા, તા.ભિલોડાના ઘર પાછળના દરવાજાની જાળી ખોલી અજાણ્યા તસ્કરોએ ઘરમાં પ્રવેશ કરી લીનોવા લેપટોપની ચોરી કરી, મારૂતી સુઝુકી અલ્ટો કાર નંબર. જી.જે.૯. બી.બી. ૨૭૧૪ ની ચોરી કરી, માંકરોડા ગામના રહેવાસી પ્રતિકભાઈ યોગેશભાઈ પંડ્યાના ઘર આગળ પાર્ક કરેલી ટી.વી.એસ. સ્ટાર બાઈક નંબર જી.જે.૯. સી.સી. ૪૬૪૫ ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા તાલુકાના માંકરોડા ગામમાં અજાણ્યા તસ્કરો રાત્રે ત્રાટક્યા હતા. અલ્ટો કાર કિંમત રૂા. ૧,૫૦,૦૦૦/-, ટી.વી.એસ. બાઈક કિંમત રૂા.૩૦,૦૦૦/-, લીનોવા લેપટોપ કિંમત રૂા.૧૫,૦૦૦/- કુલ મુદ્દામાલની કિંમત રૂા.૧,૯૫, ૦૦૦/-ની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.



### મેઘરજ કોલેજમાં ગરબા અને વેશભૂષા સ્પર્ધા યોજાઈ

મેઘરજ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે તાજેતરમાં ગરબા મહોત્સવ અને વેશભૂષા સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મહોત્સવના પ્રારંભે તમામ વિદ્યાર્થીઓએ સંગીતના તાલે ગરબાની રમઝટ બોલાવી હતી. ઉપરાંત વેશભૂષામાં વિજેતા થનાર વિદ્યાર્થીનીઓને પુરસ્કાર પણ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના આચાર્ય ઉત્તમભાઈ ગાંગુર્ડે તેમજ સમગ્ર કોલેજ પરિવારે રસ લઈ કાર્ય કર્યુ હતું.

# ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં પીએસઓની મનમાની

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ.નું નહી પણ પી.એસ.ઓ.નું રાજ હોય તેવુ જણાઈ આવે છે. શહેરમાં બનતી ઘટનાઓ કે અકસ્માત કે પછી ગુનાહિત પ્રવૃત્તિઓ જેવી ઘટનાઓ પત્રકારોથી છુપાવીને વિવિધ ગુનેગારોને છાવરતા હોય તેવુ લાગી રહ્યું છે.

ખેડબ્રહ્મામાં વિવિધ દૈનિક પેપરમાં કામ કરતા પત્રકારો દ્વારા રોજ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં સવાર-સાંજ સમાચાર અંગે પુછપરછ કરતા હોય છે. પોલીસ સ્ટેશનમાં પીએસઓ દ્વારા જ્યારે કહો ત્યારે કઈ બન્યુ નથી, કંઈ જાણવા જોગ નથી, આવી એક જ વાત વગાડવામાં આવે છે. આવુ જણાવી મોટી ગુનાહીત ઘટનાઓને છુપાવવા હોય અને ગુન્હેગારોને છાવરી રહ્યા છે. આ ઉપરાંત પીએસઓ પત્રકારોને માહિતી જોઈતી હોય તો લેખીત અરજી આપો પછી માહિતી આપવામાં આવશે.




ખેડબ્રહ્માના પત્રકારોએ આ બાબતે ડી.વાય.એસ.પી. અને એસ.પી. પી.એલ. માલને રજુઆત કરી હતી. છતાં આ પી.એસ.ઓ.ના વર્તનમાં કઈ ફેર પડ્યો નથી અને ગુનાહિત પ્રવૃત્તિઓમાં ગુનેગારોના સમાચાર નહી આપી ગુન્હેગારને છાવરતા હોય તેવુ લાગી રહ્યું છે.

# બનાસકાંઠા સહકારી સંઘ તથા સહકારી ખરીદ વેચાણ સંઘની વાર્ષિક બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૧૮

બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘની ૬૫મી વાર્ષિક સાધારણ સભા અને બનાસકાંઠા જિલ્લા ખરીદ વેચાણ સંઘની ૫૩મી વાર્ષિક સાધારણ સભા નવા ગંજ બજાર, પાલનપુર ખાતે મળી હતી. સભામાં બનાસકાંઠાના સાંસદ અને કેન્દ્રીય રાજય ગૃહ મંત્રી હરિભાઈ ચૌધરીએ સહકારી પ્રવૃત્તિના વિકાસ માટે કેટલીક સુચક માહિતી આપી હતી. સહકારી પ્રવૃત્તિમાં આજે કેટલીક ચિંતાજનક બાબતોથી પ્રવૃત્તિ ભયમાં મુકાણી છે. દેશ અને સમાજનો આર્થિક વિકાસ કરવામાં અને જન સામાન્યને રોજગારી પુરી પાડવામાં સહકારી ક્ષેત્રનો ફાળો અમલ્ય છે. દેશમાં સાત લાખ સહકારી સંસ્થાઓ છે. જેના ૨૫ કરોડ જેટલા સભાસદો છે. ભારતની સહકારી ચળવળ વિશ્વની સૌથી મોટી વ્યાપક અને બહુ આયામી ચળવળ છે.

બનાસકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વપ્રમુખ અને દિવેલા સંઘના ચેરમેન દલસંગભાઈ પટેલ જણાવેલ કે જિલ્લાની સહકારી પ્રવૃતિને આગળ વધારવા માટે તથા સફળ નેતૃત્વ પુરૂ પાડવા સહકારી અગ્રણીઓને જણાવેલ, બનાસકાંઠા સહકારી જણાવેલ કે. જિલ્લાની તમામ સહકારી સંસ્થાઓ વિકાસ કરી રહેલ છે. આ વિકાસમાં દરેક સભાસદોનો હિસ્સો છે. સૌના સાથ સહકારથી પ્રવૃત્તિ ફુલી ફાલી છે. તેમણે



આલમમાં તાજેતરમાં બનાસ ડેરીમાં બનેલ મારામારીની ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી હતી. અને આવું ન બને તે માટે દરેક ઉપસ્થિત સહકારી કાર્યકરોને જણાવેલ.

બનાસકાંઠા જિલ્લા ખ.વે. સંઘના ચેરમેનશ્રી અને જિલ્લાસંઘના ડીરેક્ટરશ્રી કેશરભાઈ પી. ચૌધરીએ સભાના અધ્યક્ષસ્થાનેથી બોલતા મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરીને દરેક ઉપસ્થિત સહકારી આગેવાનો, ચેરમેન/મંત્રીશ્રીઓને આવકાર્યા હતા. તથા જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી અણદાભાઈ પટેલ ઉપર બનાસડેરીમાં થયેલ હિચકારા હૂમલાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢ્યો હતો. અને સભાએ પણ તેમનું સમર્થન કર્યું હતું.

# ડીસામાં ઈન્વિટેશન વનડે ક્રિકેટ ટૂર્નામેન્ટનો પ્રારંભ : ગુજરાતની ૩૮ ટીમો ભાગ લેશે

ડીસા, તા. ૧૮

ઉત્તર ગુજરાતમાં ક્રિકેટ ક્ષેત્રે આગવી નામના ધરાવતી ધી ડીસા સ્પોર્ટસ ક્રિકેટ એન્ડ ચેરીટેબલ એકેડેમીના ક્રિકેટ ગ્રાઉન્ડ ડીસા ખાતે આજથી 'ઈન્વીટેશન વનડે' ક્રિકેટ ટૂર્નામેન્ટનો પ્રારંભ થયો છે જેમાં ભારતના પૂર્વ ક્રિકેટર અને ટીવી કલાકાર સલીલ અંકોલાએ ખાસ હાજરી આપી ઓપનીંગ શેરામનીમાં ક્રિકેટ ક્ષેત્રે રૂચી ધરાવતા નવીન ખેલાડીઓ વચ્ચે ક્રિકેટ મેચ રમી તેમને કોચિંગ આપ્યું હતું.




બનાસકાંઠાના ડીસામાં આજે ધી ડીસા સ્પોર્ટસ ક્રિકેટ એન્ડ ચેરીટેબલ એકેડેમી દ્વારા ડીસા ખાતે ન્યુ ટી.સી.ડી. ક્રિકેટ મેદાન પર ગુજરાતની વિવિધ ૩૮ ટીમના ક્રિકેટરોને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ફલક પર પોતાનું પર્ફોમન્સ બતાવી ક્રિકેટ ક્ષેત્રે આગળ આવવાની તક પુરી પાડતી ટૂર્નામેન્ટ આજથી અહીં શરૂ થઈ છે. આજે આ ક્રિકેટ ટૂર્નામેન્ટની ઓપનીંગ શેરામનીના ભવ્ય કાર્યક્રમમાં ભારતના પૂર્વ ક્રિકેટર અને ટીવી કલાકાર સલીલ અંકોલા, તેમજ જી ફોર્સ ઈન્ટરનેશનલ ક્રિકેટ એકેડેમીના ચેરમેન ગોપાલ જસપરાએ તેમજ રોજી બ્લ્યુ ડાયમંડના માલિક હર્ષદભાઈ મહેતાએ ખાસ હાજરી આપી આ ક્રિકેટ ગ્રાઉન્ડ પર ૨૦ ઓવરની એક ફ્રેન્ડલી મેચ રમી આ ટૂર્નામેન્ટને ખુલ્લી મુકી હતી. આ સમગ્ર ટૂર્નામેન્ટમાં ગુજરાતમાંથી વિવિધ ૩૮ ક્રિકેટ ટીમો ડીસાના આ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે દર શની અને રવિવારે એકબીજા સાથે વનડે ક્રિકેટ મેચમાં ટકરાશે. આ ઉગતા ક્રિકેટરોને બહેતર અનુભવ માટે આ પ્રકારની ટૂર્નામેન્ટ ઉચિત પ્લેટફોર્મ બની રહી છે. ત્યારે ટ્રાઈબલ એરિયા એવા બનાસકાંઠામાં પણ કાંડાની કરામત બતાવતા ક્રિકેટરો છે તેમને માત્ર યોગ્ય તાલીમની અને પ્લેટફોર્મની જરૂરત છે તેવું ભૂતપૂર્વ ક્રિકેટર સલીલ અંકોલાએ જણાવ્યું હતું.

રાજ્યમાં પછાત ગણાતાં બનાસકાંઠા જિલ્લાને રમત-ગમત ક્ષેત્રે ટુંક સમયમાં ડીસા એકેડેમીએ નામના અપાવી છે. ગુજરાતની વિવિધ ૩૮ ટીમો ડીસાના આંગણે આવી રહી છે. ત્યારે ક્રિકેટરોને યોગ્ય પ્રશિક્ષણ મળે તે માટે અમો સતત પ્રયત્નો કરી રહ્યા છે. તેવું રોજી બ્લ્યુ ડાયમંડના માલિક હર્ષદભાઈ મહેતા અને દુબઈ જી ફોર્સ ઈન્ટરનેશનલના ક્રિકેટ એકેડેમીના ચેરમેન ગોપાલ જસપરાએ ઓપનીંગ શેરેમનીના આ કાર્યક્રમમાં જણાવ્યું હતું.

# અરવલ્લીમાં વરસાદી ઘટથી સાઠંબાના ખેડૂતો બેહાલ

## સાઠંબા પંથકના તળાવો નર્મદાના નીરથી ભરવા ખેડૂતોની ઉગ્ર માંગ

બાયડ, તા. ૧૮

બાયડ તાલુકાના સાઠંબા પંથકના રામસીકંપા,રણજીતપુરા સહિતના ગામોનો મોટો વિસ્તાર મોટે ભાગે વરસાદી પાણી પર નિર્ભર છે. આ વિસ્તારના ગામડાઓમાં ભુગર્ભજળ સ્ત્રોત પણ ઘણો ઓછો છે. તો વળી અહિ નહેરો થકી સિંચાઈનો કોઈ સ્ત્રોત પણ ઉપલબ્ધ નથી પરંતુ તાજેતરમાં અરવલ્લી જીલ્લામાં ત્રણ સિંચાઈ યોજના પૈકી એક યોજના આ વિસ્તારમાં સાકાર થઈ ચુકી છે. ત્યારે ખેડૂતોમાં આશાનો સંચાર થયો હતો.

પરંતુ આ વર્ષે વરસાદમાં ૨૫ ટકાથી વધુની ઘટ હોવાથી અને આકરા તાપથી અને વરસાદ ચાલુ સાલે રીતસર હાથતાળી આપતા ચોમાસુ પાક નિષ્ફળ જવાના એંધાણ હવે નક્કી છે ત્યારે સાઠંબા પંથકના ભૂમિપુત્રોમાં આ વિસ્તારના તળાવોમાં નર્મદાના નીર ભરવા ઉગ્ર માંગ ઉઠી છે. પરંતુ સરકાર દ્વારા નર્મદાની પાઈપલાઈન અંતર્ગત આ વિસ્તારના જે તે ગામોના તળાવોમાં નર્મદાના નીર નાખવામાં આવે તો કદાચ થોડાક અંશે તૈયાર થયેલો ચોમાસુ પાકને સિંચાઈનો લાભ મળે તો બચાવી શકાય તેમ છે.

આ વિસ્તારમાં નહેરો ન હોઈ તળાવો ભરાય તો કૂવા-બોરના પાણીના તળ જળવાઈ રહે અને નર્મદાના નીરથી ભુમિપુત્રોની ખેતી પણ બચાવી શકાય. સાઠંબા પંથકમાં ચોમાસુ ખેતી પર નિર્ભર રહેતા ભુમિપુત્રોની હાલત દયનીય બની છે. સાઠંબાના ખેડૂતોએ દેવા કરી મોંઘાદાટ બિયારણ અને દવાઓનો છંટકાવ કરી મહામૂલો પાક નિષ્ફળ જવાના ભયથી થર થર ફફડી ઉઠ્યા છે. અને દેવાના ઢગ નીચે ડુબી જવાનો વારો આવ્યો છે.





### ધાનેરામાં નવરાત્રીનો માહોલ જામ્યો

ધાનેરા શહેરમાં નવરાત્રીના ગરબાઓનો માહોલ જામી રહ્યો છે અને બીજા દિવસે તમામ શેરી ગરબા અને અન્ય ગરબાઓમાં ધીમી ગતીએ ગરબાઓની શરૂઆત થવા પામી હતી અને મોડી રાત સુધી ધાનેરાના યુવાધન અને બાળકોએ પણ ગરબાની રમઝટ બોલાવી હતી. અંબાજી મંદિર, હિંગળાજનગર, ક્રિષ્ણાનગર, જલારામ સોસાયટી, અંબીકાનગર, પ્રગતીનગર જેવા વિસ્તારોમાં મોડે સુધી ગરબા રમાયા હતા.